# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-09-2026** **Evening: 7.10 TO 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

********************************************************

1) કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવની જાહેરાત-ગુજરાતે 'મિષ્ટિ' યોજના હેઠળ કચ્છમાં 27 હજાર હેક્ટરમાં મેન્ગ્રોવ વાવેતર પૂર્ણ કરી સીમાચિહ્ન હાંસલ કર્યું
2) મુખ્યમંત્રી કાર્યાલય, વિધાનસભા સહિત અનેક સ્થળોએ બોમ્બની ધમકી મામલે બે આરોપી ઝડપાયા
3) લોકસંસ્કૃતિનું પ્રતિક એવા વિશ્વપ્રસિદ્ધ તરણેતરના લોકમેળાનો આજથી શુભારંભ
4) સમગ્ર રાજ્યમાં આજે મેઘમહેર-ભાવનગરના વલભીપુરમાં પોણા છ ઇંચ વરસાદ
5) વડોદરાના યુવા સ્વિમર માધવ દાઉદીયાએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો

-----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BHUPENDRA YADAV KUTCH

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જાહેરાત કરી કે ગુજરાતે 'મિષ્ટિ' યોજના હેઠળ કચ્છમાં 27 હજાર હેક્ટરમાં મેન્ગ્રોવ વાવેતર પૂર્ણ કરીને એક મોટું પર્યાવરણીય સીમાચિહ્ન હાંસલ કર્યું અને તેના 29 હજાર હેક્ટર લક્ષ્યનો નોંધપાત્ર ભાગ પૂર્ણ કર્યો. રાજ્યના પ્રવાસે આવેલા શ્રી યાદવે કચ્છ જિલ્લાના સાંયરા વન કવચ તેમજ નલિયામાં ઘોરાડ સોફ્ટ રીલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન તેઓએ વન્યજીવ સંરક્ષણ , મેન્ગ્રુવ સંવર્ધન અને સીવીડ ખેતીની કામગીરીનું સ્થળ નિરીક્ષણ પણ કર્યું. શ્રી યાદવે મેંગ્રોવના વિસ્તરણ માટે હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની પણ પ્રશંસા કરી.

## (BYTE: BHUPENDRA YADAV, UNION MINISTER)

***मिष्टी कार्यक्रम में पूरे देश में समुद्रवर्ती क्षेत्रों में मैंग्रोव लगाने के कार्य को आगे बढ़ाया गया। यहां पर जखाऊ में एक नर्सरी का भी निर्माण किया गया। इसके साथ ही साथ नलिया में जो हमारा जीआईबी है, ग्रेट इंडियन बस्टर्ड, उसका कंजर्वेशन सेंटर का भी आज हम लोगों ने उद्घाटन किया है।***

# CIRCULAR ECONOMY FORAM

ગાંધીનગર ખાતે આવતીકાલથી બે દિવસીય વિશ્વ ગોળાકાર અર્થતંત્ર મંચ-2026નો શુભારંભ થશે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેનો શુભારંભ કરાવશે. તેમાં અંદાજે 65થી વધુ દેશોના બે હજારથી વધુ હિસ્સેદારો ભાગ લેશે. આ મંચમાં AI નો ઉપયોગ , રોજગારની ક્ષમતા , ઉર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટ-અપ માળખા જેવા વિષયો પર ચાર પ્લેનરી અને 16 સંતોષકારક થીમ આધારિત સત્રો યોજાશે. દરમિયાન 125થી વધુ પ્રદર્શનકર્તાઓ આ આંતરરાષ્ટ્રીય એક્સ્પોમાં સર્ક્યુલરિટી સોલ્યુશન્સનું પ્રદર્શન કરશે. 'સર્ક્યુલર ઇકોનોમી: ટ્રાન્સિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરીટી ' વિષયવસ્તુ હેઠળ આ મંચનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# BOMB THREAT

**મુખ્યમંત્રી કાર્યાલય, વિધાનસભા સહિત અનેક સ્થળોએ બોમ્બની ધમકી મામલે બે આરોપી ઝડપાયા છે. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે બિહાર અને ઝારખંડમાંથી બંને આરોપીની અટકાયત કરી છે. જેમાં આરોપી ગુલશન કુમારે દેશવિરોધી પ્રવૃતિ માટે 5 લાખથી વધુ ઈમેલ આઈડી બનાવી બાંગ્લાદેશ મોકલ્યા હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના SP વિવેક ભેડાએ જણાવ્યું.**

## (BYTE- VIVEK BHEDA, SP)

***એની પાસે અમારી પાસે ઈમેલ આઈડી પાસવર્ડ તપ જેટલી વસ્તુ મળેલી છે, તેમાં આજે આપણું સચિવાલયમાં થ્રેટ મેઈલનો જે ઈમેલ આઈડી છે એ એ પણ એની પાસેથી મળી આવ્યું છે. પણ મેઈલ જે કરેલ ને જે ડિવાઇસમાંથી મેઈલ કરવામાં આવેલો હતો, એ ડિવાઇસનો યુઝ અને એ મેઈલ કરવાની પ્રોસેસ છે એ રોશન કુમાર દ્વારા કરવામાં આવેલ છે બિહારથી. અને જ્યારે મોકલવાની છે વસ્તુ, આ જે શીટ મોકલવાની છે, એ ગુલશન કુમાર દ્વારા મોકલવામાં આવી હતી એ છે ઝારખંડ દેવઘરથી.***

# NIMUBEN -SOU

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા એકતાનગર ખાતે ગુજરાત ગવર્મેન્ટ એમ્પલોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ ( GECOCSL)ના દશાબ્દી મહોત્સવ નિમિત્તે આયોજિત ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી બાંભણીયાએ સહકારી ક્ષેત્રની ભૂમિકા અંગે જણાવ્યું હતું કે , દેશમાં 35 લાખ જેટલી સહકારી સંસ્થાઓ કાર્યરત છે અને વિવિધ ક્ષેત્રોમાં 150થી વધુ જનહિતલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાઈને લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે.

# BANASKANTHA-ROAD

વાવ-થરાદમાં મીઠા-થરાદ-ડીસા રોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોર અને ધારાસભ્ય કેશાજી ચૌહાણે કર્યું. 3 કરોડ 89 લાખ રૂપિયાના ખર્ચે 16 કિ.મી. સુધીનો રોડ 7 મીટરમાંથી 10 મીટર પહોળો કરવામાં આવશે. આ તકે મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે વાવ-થરાદ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત કામગીરી કરી રહી છે.

# SEVA SANKALP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 25 વર્ષની જનસેવા અને સમર્પણની યાત્રાની ઉજવણી હેઠળ રાજ્યભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' યોજાઈ રહ્યું છે.

તેના ભાગરૂપે આજે બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતેથી બાઇક યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરે મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો.

સેવા સંકલ્પ અભિયાન ' અંતર્ગત ભાવનગરમાં પ્રભારી મંત્રી કૌશિક વેકરીયા અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ. જેમાં કાર્યક્રમોની રૂપરેખા અને આયોજન અંગે મંત્રીઓએ માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TARNETAR MELO

સુરેન્દ્રનગરના થાનગઢમાં લોકસંસ્કૃતિનું પ્રતિક એવા વિશ્વપ્રસિદ્ધ તરણેતરના લોકમેળાનો આજથી વિધિવત્ શુભારંભ થયો. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણા સહિતના મહાનુભાવોએ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કરી લોકમેળાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી મકવાણાએ લોકમેળાને આપણી ઐતિહાસિક સંસ્કૃતિ, ભક્તિ અને પરંપરાને જીવંત રાખતો મેળાવડો ગણાવ્યો.

તેમણે કહ્યું, મેળામાં ગ્રામીણ ઑલિમ્પિક, લુપ્ત થતી પરંપરાગત રમત, અલગ-અલગ વેશભૂષાની હરિફાઈઓ તેમજ ડાકલા , મંજિરા અને ડમરું વાદકો જેવા પરંપરાગત કલાકારોની સ્પર્ધાઓ યોજાય છે.

## (BYTE: JAGDISH MAKWANA, DEPUTY CHIEF JUSTICE)

*તરણેતર ખાતે ત્રિનેત્રેશ્વર મહાદેવના દિવ્ય સાનિધ્યમાં ઐતિહાસિક ભાતીગળ મેળો જેનો આજે ત્રિનેત્રેશ્વર મહાદેવની પૂજન અર્ચન કરીને શુભારંભ કરાવવામાં આવ્યો છે. આ મેળાની વિશેષતા એ છે કે અહીંયા ચકડોળ ખાણીપીણીના સ્ટોલની સાથે સાથે અલગ અલગ ભજન મંડળીઓ એમની રાવટીમાં એ સતત ભજન અને ભક્તિનો નાદ ગુંજતો આપણને જોવા મળે છે.*

# SOU-AARTI TIME CHANGE

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નર્મદા મહાઆરતી અને લેસર શોના સમય માં ફેરફાર કરાયો છે.

નર્મદા મહાઆરતીનો સમય સાંજના 07 થી બદલીને સાંજના 6:45નો કરવામાં આવ્યો છે. જ્યારે લેસર શો નો સમય સાંજના 7:45 થી બદલીને સાંજના 7:30નો રાખવામાં આવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા તમામ પ્રવાસીઓની સગવડતાને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો છે.

# GUJARAT RAIN

રાજ્યના 250 તાલુકામાં આજે વરસાદ નોંધાતા સમગ્ર રાજ્યમાં મેઘમહેર થઈ છે. ભાવનગરના વલભીપુર આજે સૌથી વધુ પોણા છ ઇંચ વરસાદ ખાબક્યો. જ્યારે આણંદના બોરસદમાં સાડા પાંચ ઇંચ વરસાદ , મહેસાણાના કડી અને વડોદરાના કરજણ અને અમદાવાદમાં ધોળકામાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને પગલે રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 80 ટકા વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં પણ આજે સરેરાશ સાડા ત્રણ ઇંચ તેમજ સાબરકાંઠાના હિંમતનગરમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો. ગીર સોમનાથમાં પણ આજે વરસાદ થતાં ખરીફ પાકને જીવતદાન મળ્યું.

ભારે વરસાદને પગલે પંચમહાલ જિલ્લાના હડફ સિંચાઈ ડેમમાં બે દરવાજા ખોલીને 10 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું. હજુ પણ પાણી વધારીને 25 હજાર ક્યુસેક સુધી કરવાની શક્યતાને જોતાં કાંઠાના 6 ગામોને સાવચેત કરાયા છે.

# WEATHER FC

સૌરાષ્ટ્રના જિલ્લામાં આજે અત્યંત ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સુરેન્દ્રનગર , મોરબી અને રાજકોટમાં રેડ એલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની શક્યતા છે જ્યારે વાવ થરાદ , બનાસકાંઠા , પાટણ, મહેસાણા, કચ્છ, અમદાવાદ, આણંદ, ભરૂચ, જામનગર, દ્વારકા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ , બોટાદ અને દીવમાં ભારે વરસાદની પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે જ્યારે બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું.

## (BYTE: DR. A.K. DAS, DIRECTOR)

***कल के लिए गुजरात रीजन में कोई हेवी रेनफॉल वार्निंग नहीं है, लेकिन हमारा जो सौराष्ट्र कुछ रीजन में है, इसमें येलो वार्निंग के साथ हेवी रेनफॉल का वार्निंग दिया गया है, इसोलेटेड प्लेस इसमें, इसमें राजकोट, जामनगर, पोरबंदर, जूनागढ़, मोरबी, द्वारका और कच्छ के लिए दिया गया है येलो वार्निंग के साथ हेवी रेनफॉल वार्निंग। बाकी अगले पूरा 20 तारीख तक हल्का से मध्यम बरसात का संभावना रहेगा दोनों क्षेत्रों में ही।***

# VADODARA SWIMMER

વડોદરાના યુવા સ્વિમર માધવ દાઉદીયાએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ભુવનેશ્વર ખાતે યોજાયેલી 52મી જુનિયર નેશનલ એક્વાટિક્સ ચેમ્પિયનશિપમાં માધવે 100 મીટર ફ્રીસ્ટાઇલમાં 54.42 સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન મેળવીને કાંસ્ય સફળતા હાંસલ કરી. રાષ્ટ્રીય કક્ષાએ મેળવેલી આ સિદ્ધિ તેની સફળ સ્વિમિંગ કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો કરે છે.

આજ સ્પર્ધામાં ભવ્ય મહેતાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તેણે 50 મીટર ફ્રીસ્ટાઇલમાં પાંચમું સ્થાન અને 100 મીટર બેકસ્ટ્રોકમાં 8મું સ્થાન હાંસલ કર્યું હતું.

# GIR- SOMNATH- WORKSHOP

ગીર સોમનાથના તાલાલા ખાતે વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અંતર્ગતના ભૂકંપ વિજ્ઞાન સંશોધન સંસ્થા દ્વારા એક કાર્યશાળા યોજાઇ ગઈ. જેમાં તજજ્ઞો દ્વારા ભૂકંપ વિ શે વૈજ્ઞાનિક માર્ગદર્શન અપાયું. સંસ્થાના મહાનિર્દેશક દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, ઈણાજ ખાતે બે એકર વિસ્તારમાં 20 કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર બનાવવામાં આવશે. કાર્યશાળામાં ભૂકંપ મોનિટરિંગ અને વિવિધ વૈજ્ઞાનિક સાધનોનું પ્રદર્શન પણ યોજાયું હતું.